# પ્રસાર ભારતી
# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 05-04-2025** **Day:** Saturday **Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## હીટવેવ- શાળાઓ માટે માર્ગદર્શિકા

**પ્રાથમિક શાળાના બાળકો સાયલન્ટ ડિઝાસ્ટર "હીટવેવ"નો શિકાર ન થાય તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં "હીટવેવ" સંદર્ભે પ્રાથમિક વિભાગની શાળાઓ માટે એક માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હોવાનુ શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરીયાએ જણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યુ કે તમામ જિલ્લાઓમાં જિલ્લા શિક્ષણાધિકારી ગરમીનું પ્રમાણ જોઇને શાળાના સમયમાં ફેરફાર કરી શકશે, તેમને રાજ્ય સરકાર પાસે કોઈ પણ પ્રકાર મંજૂરી મેળવવાની રહેશે નહિ. શાળામાં વિધાર્થીઓ પ્રાર્થના બાદ ઉનાળાના સમયગાળા દરમિયાન મેદાનમાં ખેલકૂદની પ્રવૃતિઓ કરી શકશે નહિ.**

**-----------------------------------------------------------------------------------------**

## નાની સિંચાઇના ડેમોમાં 26 ટકા પાણી

**કચ્છમાં ગત વર્ષે 183 ટકા જેટલો વરસાદ થયો હોવા છતાં નાની સિંચાઈના 170 ડેમોમાં અંદાજે 9,404 મિલિયન ક્યુબિક પાણીના જથ્થાનો સંગ્રહ થયો હતો અને 81 ડેમ પૂર્ણ ભરાયા હતા, હાલ જિલ્લાના આ તમામ ડેમોમાં માત્ર 26.02 ટકા પાણી બચ્યું છે. કચ્છના 10 તાલુકાના 170 નાની સિંચાઈના ડેમો ઘણા વર્ષો અગાઉ બનેલા હોવાથી તેમાં ઠલવાતા રેતી-માટીના કારણે તેની સંગ્રહશક્તિ ઘટી ગઈ છે. ભુજ તાલુકામાં કુલ 35 ડેમ આવેલા છે, જેમાં સરેરાશ 7.97 ટકા પાણી રહ્યું છે. અંજાર સબ ડિવિઝન હેઠળ અંજારના 12, મુંદરાના પાંચ અને ભચાઉના બે મળી કુલ 19 ડેમ આવે છે, જે પૈકી 11 ડેમ સાવ ખાલી પડયા છે તો બાકીના આઠ ડેમમાં 13.05 ટકા બચ્યું છે. માંડવી તાલુકાના 21 અને મુંદરા તાલુકામાં છ ડેમ આવેલા છે, માંડવી તાલુકાના ડેમોમાં 79.74 ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. મુંદરા તાલુકાના 11 ડેમમાં**

હાલ 53.59 ટકા પાણીનો જથ્થો છે. નખત્રાણાના 16 ડેમમાં 6.68 ટકા, જ્યારે લખપતના 17 ડેમમાં 16.20 ટકા પાણી બચ્યું છે. અબડાસાના 24 ડેમમાં 23.80 ટકા પાણીનો જથ્થો બચ્યો છે. રાપર તાલુકામાં આમ તો 16 ડેમ છે જેઓ તળિયાઝાટક છે. જ્યારે ભચાઉના 18 ડેમ છે તેમાં પણ પાણી બચયું નથી.

---------------------------------------------------------------------------------------

## હવામાન

ચૈત્ર માસના આરંભ સાથે કચ્છમાં ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે. ગઇકાલે 44.5 ડિગ્રી મહત્તમ તાપમાન સાથે ભુજ રાજ્યની સાથે દેશનું મોખરાનું ગરમ મથક બન્યું હતું. હવામાન વિભાગે હજુ છ દિવસ સુધી ગરમીનાં આકરાં મોજાંની ચેતવણી જારી કરી છે જેમાં આવતીકાલથી બે દિવસ માટે કચ્છમાં રેડ એલર્ટ જારી કર્યું છે. આ બે દિવસ દરમિયાન કચ્છમાં તિવ્ર ગરમીનું મોજુ ફરી વળશે. આ અંગે હવામાન વિભાગના ડાયરેકટર એ.કે. દાસે આ મુજબ જણાવ્યું હતું.

(બાઇટ : એ.કે. દાસ)

---------------------------------------------------------------------------------------

## પચ્છમ વિસ્તાર: ભચાઉ-ગાંધીધામ બસ

પચ્છમ વિસ્તારના  નાના દિનારા તથા આસપાસના ગામોના પ્રવાસીઓ માટે રોજબરોજ ઉપયોગી ભચાઉ-ગાંધીધામ એસ.ટી. બસ અચાનક બંધ કરી દેવાતાં પ્રવાસીઓને ભારે મુશ્કેલી ઉભી થઇ છે.  નાના દિનારાના પૂર્વ ઉપરસપંચ ફઝલ અલીમામદ સમાએ જિલ્લા કલેક્ટર તથા એસ.ટી.ના વિભાગીય નિયામકને આપેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, ભચાઉ-ગાંધીધામ એસ.ટી. બસ વાયા ધ્રોબાણા,  નાના દિનારા, ફઝલવાંઢ સહિતનાં ગામો થઇને અવર-જવર કરે છે, પરંતુ અચાનક આ એસ.ટી. રૂટ બંધ કરી દેવાતાં હાલાકી સર્જાઇ છે. ચાર હજારની વસતી ધરાવતા ગામમાં અન્ય કોઇ એસ.ટી. બસ આવતી નથી. બસસેવા બંધ કરાતાં નાના દિનારા તથા ફઝલવાંઢના પ્રવાસીઓને ત્રણ કિલોમીટર પગે ચાલીને રોડ પર આવી અન્યત્ર કામકાજ

**અર્થે જવું પડે છે. આ બસ તાત્કાલિક શરૂ કરવામાં આવે તેવી પૂર્વ ઉપસરપંચ સહિત ગ્રામજનોએ માંગ કરી છે..**

**------------------------------------------------------------------------------------------------**

## ખેડૂત- લઘુત્તમ ટેકાના ભાવ

**ખેડૂતોને તેઓના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૫-૨૬ માં રાજ્ય સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવે ઘઉં રૂ.૨ હજાર ૪૨૫/- પ્રતિ ક્વીન્ટલ તેમજ બાજરી રૂપિયા 2 હજાર 925 પ્રતિ ક્વીન્ટલ ખરીદી ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી., મારફતે કરવામાં આવશે. આવનાર છે. લઘુતમ ટેકાના ભાવે ઘઉં, મકાઈ, બાજરી, જુવાર અને રાગીના વેચાણ કરવા ઇચ્છા ધરાવતા ખેડૂતોની ઓનલાઇન નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિકે ગ્રામ્ય કક્ષાએ VCE મારફતે બાજરી વેચાણ માટે 30 એપ્રિલ સુધી રજીસટ્રેશન કરાવી શકશે તથા 1 એપ્રિલથી 15 જુલાઇ સુધી ખરીદી કરવામાં આવશે.**

**------------------------------------------------------------------------------------------------**